1

Preface

## નિવેદન

સાહિત્યાભ્યાસના આરંભથી જ કવિતા, સાહિત્યવિવેચન અને ભાષાવિજ્ઞાન મારા રસના વિષયો રહ્યા છે. પીએચ.ડી. કરવા માટે પ્રવૃત્ત થતી વખતે આ ત્રણે વિષયોને સમન્વિત કરી શકાય એવો કોઇક વિષય પસંદ કરવાનો આથી જ મારો આગ્રહ હતો. એમ.એ.ના દ્વિતીય વર્ષમાં 'સાહિત્ય અને ભાષાવિજ્ઞાન'ના પ્રશ્નપત્રનો શૈલીકેન્દ્રી અભ્યાસક્રમ ભણતી વખતે એના જ કોઇ એક મુદ્દા પર અભ્યાસ આગળ ધપાવવાનું મનોમન નક્કી કર્યું અને મારાં રસ-રુચિને પોષક બને એવા 'નવીકરણ', 'સમાંતરતા' અને 'વિચલન'ના વિષય ઉપર સંશોધનકાર્ય કરવાનો નિર્ણય મારા માર્ગદર્શક સાથેની ચર્ચાવિચારણાને અંતે લીધો.

નર્મદથી અત્યાર સુધીના ગુજરાતીના કાવ્યાકાશમાંથી કોની કવિતા અભ્યાસ માટે પસંદ કરવી, કોઇ યુગની કવિતા પસંદ કરવી કે કોઇ ચોક્કસ કવિઓ પસંદ કરીને તેમની કવિતા સંદર્ભે આપણી ભાષાસજ્જતાને તપાસવી – એ કાર્ય ઘણો વિચાર માગી લે તેવું મારે માટે પુરવાર થયું પણ એમાંથી શ્રી હર્ષદભાઈ સાથેની ચર્ચાવિચારણા દ્વારા ઉકેલ મળી ગયો. નર્મદયુગ-ગોવર્ધનયુગના કવિઓના કવિતા વિશેના પોતીકા ખ્યાલો હોવાથી એમની ભાષાકર્મ વિશેની સૂઝ અત્યારની તુલનાએ બહુ વિકસેલી અનુભવાતી નથી. એટલે ગાંધીયુગથી અદ્યતનયુગ પર્યન્તના – જુદા જુદા તબક્કાઓના પ્રતિનિધિરૂપ બની રહેતા વધુમાં વધુ પાંચ કવિઓની કવિતાને તપાસવાનો એમનો ઉકેલ પણ ગ્રાહ્ય રાખ્યો અને સુન્દરમ્, નિરંજન, જયન્ત પાઠક, રાવજી તથા રમેશ પારેખની કવિતાના ભાષાકર્મને તપાસીને એના વિકાસનો આલેખ મેળવવાનું નિશ્ચિત કર્યું. આમ, ''નવીકરણ', 'સમાંતરતા' અને 'વિચલન' – સુન્દરમ્, નિરંજન ભગત, જયન્ત પાઠક, રાવજી અને રમેશ પારેખની કવિતાના વિશિષ્ટ સંદર્ભે એક અભ્યાસ' – એવું શીર્ષક મહાનિબંધ માટે નિયત થયું.

પસંદ કરેલા આ વિષયના અભ્યાસ દ્વારા સાહિત્યવિવેચનના ભાષાલક્ષી અભિગમને સમજવાની અને આપણી કવિતાના સંદર્ભે તેની વિનિયોજ્યતા તપાસીને તેનાં વ્યાપ અને ઊંડાણને તાગવાની – બન્ને તકો પ્રાપ્ત થઇ છે. એની સાથે, આ અભિગમથી કાવ્યમાંની ભાષાસામગ્રીની નોંધ કે તેનું વર્ગીકરણ માત્ર પ્રાપ્ત થતું નથી, પરંતુ ભાષાસામગ્રીના વિશિષ્ટ વિનિયોગ દ્વારા સધાતી અર્થચમત્કૃતિને પામવાની પણ દિશા પ્રાપ્ત થાય છે તે બાબત અહીં સ્થાપી શકાયાનો આનંદ છે.

આ મહાનિબંધને એની કામગીરીમાં એક યા બીજા પ્રકારે મદદરૂપ બનનાર મુ. બાબુભાઇ, મુ. જોસેફભાઇ જેવા વડીલોની; જયંત, રાકેશ, દિગ્વિજય, જ્યોતિ, ભારતી વગેરે વિદ્યાર્થીમિત્રોની તથા મને યત્કિંચિત સહાયરૂપ બનનાર

અન્ય તમામની હું આભારી છું. મુ. હર્ષદભાઇનાં કુટુંબીજનો અને મારાં કુટુંબીજનોએ મારા આ કાર્ય માટે ઘણું સહીને પણ અનુકૂળતા કરી આપી છે તે બદલ હું, મારો આ તમામની ઉપર પૂરો અધિકાર હોવા છતાં, એ તમામની આભારી છું.

અને જો શ્રી રજનીભાઇ મને ન મળ્યા હોત તો? કદાચ હજી એક વર્ષ મને વધુ લાગત. એમની ત્વરા અને નિષ્ઠાએ તો મારું ઘણું કામ ઓછું કરી દીધું. એ બદલ એમની પણ હું આભારી છું.

ટાઇપમશીનની કેટલીક મર્યાદાઓને શક્ય તેટલી ઓળંગવાનો પ્રયત્ન કર્યો છે. આમ છતાં ટાઇપ થયેલી નકલોમાં ક્વચિત રહી ગયેલા મુદ્રણદોષો બદલ અને ‘દ્વ’, ‘ત્ર’ , ‘દ્ધ’ વગેરે જેવા અક્ષરો ટાઇપમશીનમાં ન હોવાને કારણે ‘દ્‌વ’, ‘ત્‌ર’, ‘દ્‌ધ’ વગેરે પ્રમાણે ટાઇપ કરવું પડ્યું છે તે માટે હું અહીં ક્ષમા યાચી લઉં છું.

મહાનિબંધનું આ, વ્યવહારદૃષ્ટિએ કપરું કાર્ય પાર પાડી શકવા મને સમર્થ બનાવનાર શ્રી હર્ષદભાઇનો અંતઃકરણપૂર્વક આભાર...આભાર...આભાર.

અસ્તુ.

7.3.'96

(અલ્પા મહેતા)